सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખઃ | ૨૨–૦૧–૨૦૨૫ | | |
| દાખલ કર્યા તારીખઃ | ૨૨–૦૧–૨૦૨૫ | | |
| ફેસલ તારીખઃ | ૨૫–૦૫–૨૦૨૬ | | |
| સમય મર્યાદા | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૪ | ૦૩ |

**મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.કઠલાલ.**

**ફોજદારી કેસ નં.૪૪/૨૦૨૫**

**આંકઃ–**

ફરીયાદીઃ– અતુલભાઈ ઠાકોરભાઈ સરવૈયા
રહે.મુ.ફલોલી, તા.મહુધા, જી.ખેડા.
વિરૂધ્ધ

આરોપીઃ– સુખાભાઈ શનાભાઈ ખાંટ
રહે.ઈશ્વરપુરા બળીયા બાપજી મંદિર પાસે,
ખેતરમાં, મુ.સરાલી, તા.કઠલાલ, જી.ખેડા.

બાબતઃ– **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ મુજબ ફરીયાદ.**

---

**ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી એમ. એમ. કાઝી**

**આરોપી તરફે વિ.વ.શ્રી એચ. સી. ગઢવી**

---

## ચુકાદો

૧. ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી ફલોલી મુકામે રહી ખેતી કરતા હોઈ તથા જરૂરી જંતુનાશક દવાઓ તથા ખાતર માટે અવાર નવાર કઠલાલ આવતા હોય આરોપીનાઓ પણ કઠલાલ મુકામે તેમના ખેતીકામની જરૂરિયાત મુજબ વસ્તુ લેવા આવતા હોઈ આરોપીનાઓ ફરીયાદીને કઠલાલ મુકામે મળતા હોઈ તેઓ બન્ને વચ્ચે ઓળખાણ થયેલી

અને તેઓ વારંવાર મળતા હોવાથી બન્ને વચ્ચે મિત્રતાના સંબંધો બંધાયેલા. ઉપરોકત મિત્રતાના સંબંધોને કારણે ફરીયાદી અને આરોપી વચ્ચે નાણાના વ્યવહાર થતા હતા, જેથી બન્ને વચ્ચે સારી મિત્રતાના સંબંધો અને વિશ્વાસના ગાઢ સંબંધો કેળવાયેલા. ઉપરોકત સંબંધોને કારણે ગત ઓગષ્ટ–૨૦૨૪મા આરોપીને નાણાની જરૂરિયાત ઉભી થતા ફરીયાદીને વાત કરેલ અને આરોપીની જરૂરિયાત મુજબ રૂા.૫,૦૦,૦૦૦/– ની માંગણી કરેલ, જેથી તેઓ વચ્ચે ઘરેલુ અને વિશ્વાસુ મિત્રતાના સંબંધો હોઈ ફરીયાદીએ તેઓની અંગત બચતમાંથી રૂા.૪,૮૦,૦૦૦/– રોકડા હાથ ઉછીના આપેલા અને આરોપીએ જણાવેલ કે સદર ઉછીના નાણાં તેઓ તેમને દિવાળી પછી પરત કરી દેશે. આરોપીના વાયદા મુજબ દિવાળી ગયા બાદ ફરીયાદીએ નવેમ્બર–૨૦૨૪માં આરોપી પાસેથી ઉપરોકત રકમની માંગણી કરેલી તો આરોપીએ જણાવેલ કે હાલ તેઓની પાસે હાથ ઉપર રોકડ રકમ નથી, પરંતુ તેઓને મોટુ પેમેન્ટ આવવાનું છે તેમ જણાવી આરોપીનાઓએ તેઓની બેંક નામે ઈન્ડીયન બેંક, કઠલાલ શાખાનો તેમના ખાતા નં.એસબી૬૯૫૬૦૩૮૧૪૯નો ચેક નં.૫૫૫૧૯૪નો, આરોપીએ તેમના પ્રિન્ટેડ નામ ઉપર તેમની સહી કરી ચેકની તમામ વિગતો તેમના સ્વ હસ્તાક્ષરમાં ફરીયાદીની રૂબરૂ ભરી તા.૨૨–૧૧–૨૦૨૪ની પાકતી તારીખનો રૂા.૪,૮૦,૦૦૦/– નો ચેક ફરીયાદીના નામનો આપેલો અને જણાવેલ કે સદર ચેક બેંકમાં જમા કરાવશો તો તમોને તમારા નાણાં મળી જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો. આરોપીએ આપેલો ચેક ફરીયાદીએ તા.૬–૧૨–૨૦૨૪ના રોજ તેઓની બેંક નામે પંજાબ નેશનલ બેંક કઠલાલ શાખામાં તેમના ખાતામાં કલીયરીંગ માટે ભરેલ. તે ચેક આરોપીના બેન્કના તેમના ખાતામાં કલીયરીંગ માટે જતા "ADVICE NOT RECEIVED" ના શેરા સાથે મેમોરેન્ડમ સહિત ચેક તા.૭–૧૨–૨૦૨૪ના રેજ પરત ફરેલ, જેની જાણ ફરીયાદીની બેન્કે કરેલી અને અસલ ચેક તથા અસલ રીટર્ન મેમો પરત આપેલો, જેથી ફરીયાદીએ તા.૨૭–૧૨–૨૦૨૪ના રોજ તેઓના વકીલશ્રી મારફતે તેઓની કાયદેસરની રકમ વસુલાત માટેની લીગલ નોટીસ રજી.પો.એ.ડી.થી મોકલી આપેલી, જે નોટીસ આરોપીને તા.૨૮–૧૨–૨૦૨૪ના રોજ બજી જતા આરોપીએ તા.૭–૧–૨૦૨૫ના

રોજ તેમની નોટીસનો ખોટો અને ઉડાઉ જવાબ આપેલ અને આરોપીએ આજદિન સુધી તેમના નાણાં ચુકવી આપેલ નહીં. આમ આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ ગંભીર ગુના આચરેલ હોવાથી ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાથી હાલની ફરીયાદ દાખલ કરેલ હોવાનું જણાવેલ છે.

૨. સદર કેસની ફરીયાદ દાખલ થતા ફરીયાદીની ફરીયાદ, વેરીફીકેશન તથા રજુ દસ્તાવેજી પુરાવાના આધારે હાલની ફરીયાદ અંગે સંજ્ઞાન લઈ આરોપી વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ હેઠળ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ના શિક્ષાપાત્ર ગુન્હાનો સમન્સ ઈસ્યુ કરવામાં આવસા સમન્સ આરોપીને બજતા આરોપી નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ. આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ફરીયાદીએ રજુ કરેલ તમામ દસ્તાવેજો તથા ફરીયાદની નકલ વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ અને દસ્તાવેજો મળી ગયાની ખાતરી કર્યા બાદ આ કામે સદર કેસની કાર્યવાહી ધ્યાને લેતા આંક–૧ નીચે સદર કેસ સમન્સ ટ્રાયલ તરીકે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ અને ત્યારબાદ આરોપીને તેની સામેના ગુન્હાની સમજ આપી ફોજદારી કાર્યરિતી અધિનિયમની કલમ–૨૫૧ મુજબ આરોપીનું આંક–૧૧ થી ગુના અન્વયેનું નિવેદન તા.૧૫–૦૨–૨૦૨૫ના રોજ લેવામાં આવતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ અને તેઓની આ કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ અને કેસ ફરીયાદીની ઉલટતપાસ માટે મુલત્વી રાખવામાં આવેલ.

૩. ઉપરોકત કેસના અનુસંધાને ફરીયાદપક્ષ ધ્વારા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા, જે નીચે મુજબ કરેલા છે.

**<u>ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી અતુલભાઈ ઠાકોરભાઈ સરવૈયાની સરતપાસની એફીડેવીટ | ૦૫ |

## <u>ફરીયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવો</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | આરોપીએ ફરીયાદીને આપેલ અસલ ચેક નં.૫૫૫૧૯૪ | ૦૬ |
| ૨. | અસલ ચેક રીટર્ન મેમો ચેક નં.૫૫૫૧૯૪ | ૦૭ |
| ૩. | ફરીયાદીએ આરોપીને આપેલ રજી.પો.એ.ડી.ની નોટીસની ઝેરોક્ષ કોપી | ૦૮ |
| ૪. | આરોપીને ફરીયાદીએ રજી.એ.ડી.થી આપેલ નોટીસ અંગેની પોસ્ટની સફેદ પાવતી અસલ | ૦૯ |
| ૫. | ફરીયાદીએ આરોપીને મોકલેલ રજી.એ.ડી.પોસ્ટની નોટીસ બજી ગયેલ બાબતનો પોસ્ટમાંથી કઢાવેલ ટ્રેક સ્ટેટસ અસલ | ૧૦ |

૪. ત્યારબાદ આ કામે વારંવાર મુદ્દત રાખવામાં આવેલ હોવા છતાં આરોપી કે તેઓના વિ.વ.શ્રી હાજર રહેતા ન હતા, જેથી ફરીયાદી તરફે આંક–૧૫ થી આરોપીનો ફરીયાદીની ઉલટતપાસનો હક્ક બંધ કરવાની અરજી આપેલ. જે અરજી તળે હુકમ કરી આરોપીનો ફરીયાદીનો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વધુ પુરાવો રજુ નહીં થતા આંક–૧૭ થી કલોઝીંગ પુરસીસના આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો છે અને આરોપી તરફે તેઓના બચાવના સમર્થનમાં કોઈ જ ઉલટતપાસ કે પુરાવો રજુ થયેલ નથી. ત્યારબાદ સદર કેસમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનો એફ.એસ. લેવાનો હક્ક બંધ કરવા માટે ફરીયાદી તરફે આંક–૧૮ થી અરજી આવેલ. જે અરજીના આધારે આરોપી છેલ્લા ઘણા સમયથી ગેરહાજર રહેતા હોઈ આરોપીનો એફ.એસ.નો હક્ક બંધ કરવામાં આવેલ

૫. આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી એમ. એમ. કાઝી દ્વારા મૌખિક દલીલ કરવામાં આવેલી અને જણાવેલ છે કે, આંક–૫ થી ફરીયાદીએ પોતાનો પુરાવો રજુ કરેલો છે અને તેના સમર્થનમાં ફરીયાદપક્ષ તરફે આંક–૬ થી આંક–૧૦ સુધીના દસ્તાવેજી પુરાવા પણ રજુ કરેલા છે. ફરીયાદીની આરોપી તરફે તેઓને પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં કોઈ ઉલટતપાસ કરવામાં આવેલી નથી. આમ, આ કામના આરોપી ફરીયાદપક્ષ તરફેના પુરાવાનું

ખંડન કરી શકેલા નથી. આરોપીને સદર ચેક રીટર્ન થયા બાબતની નોટીસ આપવામાં આવેલી અને તે નોટીસ બજ્યા પછી આરોપીએ સમયમર્યાદામાં ચેકની રકમ ફરીયાદીને પરત ચુકવેલી નથી. આમ, ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરેલો છે, જેથી આરોપીને કાયદાની જોગવાઈઓ મુજબ પૂરેપૂરી સજા, મહત્તમ દંડ તથા ફરીયાદીને આરોપી પાસેથી ચેકની રકમથી બમણી રકમ વસુલ અપાવવા હુકમ કરવા અરજ છે, જયારે આરોપી તરફે તેમના વિ.વ.શ્રી કે આરોપી નામદાર કોર્ટ સમક્ષ રેગ્યુલર હાજર રહેલા નથી, જેથી ફરીયાદીની ઉલટતપાસનો હક્ક બંધ કરેલ અને ત્યારબાદ પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી. ત્યારબાદ આરોપી તરફે તેઓના બચાવના સમર્થનમાં કોઈજ દલીલ કરેલ ન હોઈ ફરીયાદીની આંક–૧૯ની અરજી હેઠળ હુકમ કરી આરોપીનો દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

૬. ઉપરોકત પુરાવો રજુ થયા બાદ આ કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે, જે નીચે મુજબ છે.

**<u>મુદ્દાઓ</u>**

૧. શું ફરીયાદી નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી લીધેલ લેણાં પેટે આરોપીએ ફરીયાદીને ફરીયાદીના નામનો ઈન્ડીયન બેંક, કઠલાલ શાખાનો તેમના ખાતા નં.એસબીઙ૯૫૬૦૩૮૧૪૯નો ચેક નં.૫૫૫૧૯૪નો તા.૨૨–૧૧–૨૦૨૪ના રોજનો રૂ.૪,૮૦,૦૦૦/– નો ચેક સહી કરીને આપેલો, જે ફરીયાદીએ તા.૬–૧૨–૨૦૨૪ના રોજ તેઓની બેંક નામે પંજાબ નેશનલ બેંક, કઠલાલ શાખામાં જમા કરાવતા સદર ચેક "ADVICE NOT RECEIVED" ના શેરા સાથે તા.૭–૧૨–૨૦૨૪ના રોજ પરત આવેલ, જેથી ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફતે તા.૨૭–૧૨–૨૦૨૪ના રોજ આરોપીને રજી.પો.એ.ડી. મારફતે રજી.નોટીસ આપેલી, જે રજી.પો.એ.ડી.થી આપેલ નોટીસ આરોપીને તા.૨૮–૧૨–૨૦૨૪ના રોજ બજી ગયેલ હોવા છતાં આરોપીએ ચેકની રકમ ફરીયાદીને ચુકવી ન આપીને આરોપીએ ધી

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દા અંગે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાઓના આધારે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારાત્મક

૨. આખરી હુકમ મુજબ

૮. ઉપરોકત મુદ્દાઓના નિર્ણય અંગેના મારા કારણો નીચે મુજબ છે.

<u>કારણો</u>

<u>મુદ્દા નં.૧</u>

૯. **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના પ્રકરણ–૧૭ અપુરતા ભંડોળના કારણે ચેકની અસ્વીકૃતી દંડ સજામાની કલમ–૧૩૮, ૧૪૨ તથા કલમ–૧૪૬ સાથે વંચાણે લેતા** "સમગ્ર રીતે અથવા અંશતઃ કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યક્તિ પોતે નિભાવતા હોય તેવા ખાતા ઉપરનો ચેક આ ખાતામાંથી બીજી વ્યક્તિને નાણાની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને આવા ચેકની ચુકવણી કર્યા વીના બેન્ક પરત કરે, કારણકે એ ખાતામાંની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજુતીથી કરેલ વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ આ રકમ કરતા વધુ છે, ત્યારે આવી વ્યક્તિએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની પેટા કલમ–(એ)(બી)(સી)ની શરતોને આધિન ગુન્હો કર્યો છે તેમ કહેવાય, જેમાં દેવું અથવા અન્ય જવાબદારી એટલે કે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી" આ પ્રકારનો કાયદામાં સ્પષ્ટ ખુલાસો કરવામાં આવેલ છે.

**કલમ–૧૪૨ ગુન્હાનો કોગ્નીઝન્સ લેવા બાબતઃ** ભારતીય કાર્યવાહી સંહિતા ૧૯૭૩માં ગમે તે મજકુર હોય તેમ છતાં–

(ક) કોઈપણ કોર્ટ ચેકના નાણાં લેનાર (પેઈની) દ્વારા અથવા યથાપ્રસંગ ધારકની લેખિત ફરીયાદ સિવાય કલમ–૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર

ગુનાને કોઈપણ અદાલત ધ્યાનમાં લેશે નહીં.

(ખ) કલમ–૧૩૮ના પરંતુ ક ના ખંડ (સી) હેઠળ ઉપસ્થિત થતા દાવાના કારણથી એક માસમાં આવી ફરીયાદ કરવામાં આવી હોય,

(પરંતુ એવી જોગવાઈ કરવામાં આવી છે કે, જો ફરીયાદી અદાલતને એમ સંતોષ આપે કે આવા સમયથી અંદર ફરીયાદ ન કરવાને માટે તેની પાસે પુરતુ કારણ હતું તો ગુના સામે પગલા લેવાનો નિશ્ચિત સમય પુરો થયો હોવા છતા અદાલત ફરીયાદને ધ્યાનમાં લેશે)

(ગ) કલમ–૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર કોઈપણ ગુનાની સમીક્ષા (ટ્રાયલ) મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અથવા ફર્સ્ટ કલાસ જયુડીશીયલ મેજીસ્ટ્રેટથી નીચેના દરજ્જાની કોઈપણ કોર્ટ કરી શકશે નહીં.

નોંધ–આ ગુનો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨માં ખંડ (સી) પ્રમાણે પોલીસ હુકુમતનો નથી ફરીયાદ નોંધાવ્યા વિના પોલીસ કોઈ પગલા લઈ શકતી નથી.

ફરીયાદ નોંધાવવા માટે કે કેસની સમીક્ષા (ટ્રાયલ) માટે કલમ–૧૩૮માં કોઈ વિધી દર્શાવી નથી તેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની જોગવાઈ લાગુ પડશે. આથી ફરીયાદ કરવાનો સમય દાવાનું કારણ પેદા થાય ત્યારથી એક માસની છે.

આ ગુનો ક્રિ.પ્રો.કો.ક.૧૯૭૩ના ૧લી શીડયુલના ભાગ બેમાંથી છેલ્લી બાબતમાં આવતો હોઈ તે જામીન આપવા લાયક (બેઈલેબલ) છે.

આ ગુનો પોલીસ હુકુમતનો નથી તેથી જેને કેસની સમીક્ષા (ટ્રાયલ) કરવાની સત્તા છે તેવા મેજીસ્ટ્રેટની પરવાનગી મળ્યા સિવાય પોલીસ ગુનાની તપાસ કરી શકે નહીં. આ કાયદાની કલમ–૧૩૮ નીચેના ગુના અંગે પોલીસ તપાસની જરૂર જણાય જેમ કે, ગુનો કોઈ કંપનીએ કરેલો હોય અને તે કંપનીના ડાયરેકટર મેનેજર, સેક્રેટરી, અગર બીજા અધિકારી વિશે ફરીયાદીને કોઈ માહિતી ન હોય તેવા પ્રસંગે ક્રિ.પ્રો.કો.ક.૧૫૫ હેઠળ હકુમત ધરાવતા મેજીસ્ટ્રેટની પરવાનગી લઈ પોલીસ અધિકારી જાણે પોલીસ હકુમતના ગુનાની તપાસ કરતા હોય તે રીતે તપાસ સારૂ પોતાની સત્તા વાપરી શકશે,

પરંતુ આવી તપાસ દરમ્યાન પોલીસ અધિકારી અદાલતનું વોરંટ મેળવ્યા સિવાય આરોપીની ધરપકડ કરી શકે નહીં.

**કલમ–૧૪૬– બેંકની સ્લીપ અમુક બાબતોનો પ્રથમદર્શનીય પુરાવોઃ–**

આ પ્રકરણ હેઠળની દરેક કાર્યવાહી બાબતમાં જેના ઉપર ચેક નકારાયાનો બેંકનો ઓફીસીયલ માર્ક હોય છે તે બેંક–સ્લીપ અથવા મેમો રજુ કરવામાં આવે ત્યારે બેંક જ્યાં સુધી આવી હકીકત ના સાબિત થતી નથી. ત્યાં સુધી આવો ચેક નકારાયો છે એ હકીકતનું અનુમાન કરશે.

આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો સાબિત કરવા માટે નીચે મુજબના આવશ્યક તત્વો સાબિત કરવા પડે.

૧. આરોપીએ ફરીયાદીને ફરીયાદીના કાયદેસરના લેણા પેટે ચેક આપેલ છે.

૨. આ ચેક બેંકમાં મથાળે તારીખથી ૬ મહિનામાં રજૂ કરવામાં આવેલ છે.

૩. ચેક રજૂ કરવાથી સ્વીકાર્યા વગર પરત આવેલ છે.

૪. ફરીયાદીએ આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮(બી) ની જોગવાઈ મુજબ સમયમર્યાદામાં નોટીસ આપેલી છે.

૫. આરોપીને નોટીસ બજી ગયેલી હોવા છતાં દિન–૧૫માં આરોપીએ નોટીસ મુજબ વર્તન કરેલ નથી. આથી ફરીયાદીએ એક માસમાં ફરીયાદ દાખલ કરેલ છે.

વધુમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) તથા ૧૩૯ અનુસાર ફરીયાદીની તરફેણમાં અનુમાન કરી શકાય તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ)ની જોગવાઈ અનુસાર જ્યાં સુધી વિરૂધ્ધનું સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉ ખત અવેજના માટે કરી આપ્યાનું માની લેવામાં આવશે. તે જ રીતે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ મુજબ જ્યાં સુધી વિરૂધ્ધની

હકીકત સાબિત ના થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેક ધારક કરતા તે ચેક કલમ–૧૩૮ની જોગવાઈ અનુસાર કાયદેસરના દેવા કે જવાબદારીની અંશતઃ અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોકત બન્ને કલમો હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે, પરંતુ બન્ને જોગવાઈઓમાં વિરૂધ્ધનું સાબિત ના થાય તો તેવા શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે એટલે કે બન્ને અનુમાનો ખંડનાત્મક અનુમાનો છે અને આવા અનુમાનો ખંડન કરી શકાય. વધુમાં વિરૂધ્ધનું સાબિત ના થાય તે શબ્દોના અર્થઘટનમાં અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહેશે અને આવા અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે.

૧૦. સદર ખાનગી ફરીયાદના કામે ફરીયાદપક્ષે પુરાવાના ભાગરૂપે પોતાની સરતપાસનું સોગંદનામું આંક–૫ થી રજુ કરેલ હોવા છતાં અને ફરીયાદી મારફતે જે પુરાવો રજુ રાખવામાં આવેલ છે તે તમામ પુરાવાઓની નકલ આરોપીએ મેળવેલ હોવા છતાં મજકુર આરોપી કેસ કાર્યવાહીમાં પોતાનો બચાવ રજુ કરવા માટે કે **ફરીયાદીના પુરાવાનો ઈન્કાર કરવા માટે પુરતો સમય આપવા છતાં તેઓની ઉલટતપાસ કરતા ન હોય તેમજ તે કરવા માટે પણ તેઓ તરફે કોઈ હાજર પણ રહેતા ન હોય તેઓની ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ હોવાથી ફરીયાદીની કોઈ ઉલટતપાસ થયેલ ન હોવાથી ફરીયાદીના મૌખિક પુરાવાઓનું રેકર્ડ ઉપર કોઈ ખંડન થયેલ નથી.** આમ આરોપી પોતે તેમના વિરૂધ્ધના તમામ પુરાવાથી માહિતગાર હોવા છતાં તેનો ઈન્કાર કરવા કે પોતાનો બચાવ રજુ કરવા હાજર રહેલ નથી. આમ આરોપીએ તેઓ સામેના આક્ષેપો સામે પ્રથમથી કોઈ બચાવ રજુ કરેલ ન હોઈ, અને જયારે એક વખત આરોપીને પોતાની સામે કેસ ચાલે તેની જાણ છે, ત્યારે તેની અદાલત સમક્ષ હાજર રહેવાની પવિત્ર ફરજ છે. આરોપીને તેની સામેના પુરાવાનો ખુલાસો કરવા યોગ્ય તક આપેલ હોવા છતાં આરોપી હાજર રહેલ નથી. ત્યારબાદ પણ આરોપી હાજર ન રહેતા ફરીયાદી તરફે આરોપીનો એફ.એસ.નો હક્ક બંધ કરવાની અરજી આવતા નામદાર

કોર્ટે આરોપીનો એફ.એસ. લેવાનો હક્ક બંધ કરેલ છે. પરંતુ આરોપી આજદિન સુધી આટલો સમય આપવા છતાં તેના સમર્થનમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી અને ત્યારબાદ પણ તેઓ હાજર ન રહેતા તેઓનો પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે. આમ, સમગ્ર રેકર્ડના આધારે આરોપીની વર્તણુંક ધ્યાને લેતા ફક્ત કેસ કાર્યવાહી યેનકેન પ્રકારે લંબાવવાનો પ્રયત્ન કરતા હોવાનું ફલીત થતુ હોય તેઓની આવી કેસ કાર્યવાહી લંબાવવાની ગેરવર્તણુંકને કારણે કાયદાકીય જોગવાઈઓ મુજબ કેસની કેટલીક કાર્યવાહીઓ તેઓની હાજરીમાં તથા કેટલીક તેઓની ગેરહાજરીમાં આગળ વધારવામાં આવેલ હોવા છતા તેઓ તરફે ફરીયાદીની ઉલટતપાસ આજદિન સુધી કરેલ ન હોય આ સમગ્ર કેસ પુર્ણ થતા સુધી ફરીયાદીના સમગ્ર પુરાવાઓનું કોઈ ખંડન થયેલ નથી.

૧૧. ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપીને તક આપવા છતાં એફ.એસ. લીધા પછી રેગ્યુલર હાજર રહેલ નથી. આમ, તેઓની સતત અનિયમિત હાજરીના આધારે તેઓ હાજર ન હોવાથી તેઓનો ફરીયાદીના રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓનું તેઓ તરફે કોઈ ખુલાસો રેકર્ડ ઉપર આવેલ નથી.

૧૨. તેમજ આ કામે આંક–૫ થી ફરીયાદી અતુલભાઈ ઠાકોરભાઈ સરવૈયાનું પુરાવાનું સોગંદનામું વંચાણે લેવામાં આવેલ છે તેઓએ તેમની આંક–૧ની ફરીયાદના સમર્થનમાં અને તેને અનુરૂપ સોગંદનામું આપેલ છે સાથે ફરીયાદી તરફે આંક–૬ આરોપીએ ફરીયાદીને આપેલ અસલ ચેક, આંક–૭ થી ચેકનો રીટર્ન મેમા અસલ, ચેક બેંકોમાં જમા કરાવતા સદર ચેક "ADVICE NOT RECEIVED" ના શેરા સાથે પરત ફરેલાનું જણાય છે. ચેક પરત ફરતા ફરીયાદીએ તેમના વિ.વ.શ્રી દ્વારા નોટીસ મોકલાવેલ જે નોટીસ આ કામે આંક–૮ થી રજુ છે. ફરીયાદીએ આરોપીને નોટીસ રજીસ્ટર એડીથી મોકલાવેલ જે રજીસ્ટર એડીની પૈસા ભર્યાની સફેદ પાવતી આંક–૯ થી રજુ છે. તેમજ ફરીયાદી દ્વારા મોકલવામાં આવેલ નોટીસ આરોપીને બજી ગયેલ તે બાબતેની રજી.એડી.ની

નોટીસ બજી ગયેલ તે બાબતનું પોસ્ટમાંથી કઢાવેલ સ્ટેટસ અસલ આ કામમાં આંક–૧૦ થી રજુ છે. ફરીયાદીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ ગુનો બનવા માટે જે જોગવાઈનું પાલન કરવા કાયદાથી જોગવાઈ કરેલ તે તમામ જોગવાઈઓનું ફરીયાદીએ પાલન કરેલ છે. ફરીયાદી તરફે તેમની ફરીયાદના સમર્થનમાં જે પુરાવા આપવામાં આવેલ છે તે પુરાવાનું આરોપી દ્વારા ઉલટતપાસ કરી કોઈ ખંડન કરવામાં આવેલ નથી. **તેમજ આ કામે ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે આરોપીને પુરતી તક આપેલી હોવા છતાં ફરીયાદીની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ નથી તેમજ તેઓની જાણમાં હાલનો કેસ થયેલ હોવાની જાણ હોવા છતાં તેઓ હાજર રહેવામાં બેદરકાર રહેલ હોવાનું રેકર્ડ ઉપરથી જણાઈ આવેલ, જેથી આરોપી તરફેની ફરીયાદીની ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ. તેમજ ત્યારબાદ પણ હાજર રહેવામાં બેદરકાર રહેલ હોય તેઓનો પુરાવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરેલ છે. જેના કારણે ફરીયાદીના રજુ થયેલ તમામ પુરાવાઓનું આરોપી તરફે કોઈ ખંડન કરવામાં આવેલ નથી. આમ ફરીયાદીની ફરીયાદ તથા આંક–૫ થી સોગંદનામું તથા રજુ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આરોપીએ ફરીયાદીને ચેક તેના દેવા પેટે આપેલ છે તે હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ છે. આમ, ફરીયાદી આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ છે.**

૧૩. ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા તેમજ પુરાવાને વંચાણે લેતા ફરીયાદીને આરોપી દ્વારા વાદગ્રસ્ત ચેકો આપવામાં આવેલ, જે ચેક ફરીયાદીએ તેના ખાતામાં સ્વીકારવા માટે જમા કરાવતા સદર ચેક "ADVICE NOT RECEIVED" ના શેરા સાથે પરત ફરેલ. જે બાબતે ફરીયાદીએ આરોપીને નોટીસ આપેલ જે નોટીસ તેઓને બજેલ છતાં આરોપીએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી અને નોટીસ મુજબનું કોઈ વર્તન કરેલ નહીં તેમજ નામદાર કોર્ટમાં હાજર થયા બાદ આરોપીની આંક–૧૧ થી તેમની પ્લી રેકર્ડ કરવામાં આવેલ અને **ત્યારબાદ પણ ઘણા સમય સુધી તેઓ તરફે કેસની**

**કાર્યવાહીમાં તેઓ અથવા તેઓના વિ.વ.શ્રી હાજર રહેલ હોવાનું રેકર્ડ ઉપરથી જણાય છે અને જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહીની જાણ અને માહિતી આરોપીને મળી ગયેલ તેવું અત્રેની અદાલતનું માનવું છે** અને આરોપી કેસની ગંભીરતા બાબતે વાકેફ છે તેવું પણ કોર્ટનું માનવું છે છતાં આરોપી નામદાર કોર્ટમાં હાજર થયા બાદ પણ ફરીયાદીને તેની નોટીસ મુજબના નાણા ચુકવી આપેલ નહીં કે ચુકવી આપવા માટે કોઈ તૈયારી બતાવેલ **નહીં કે આરોપીની બેંક દ્વારા ફરીયાદીની બેંકમાં જમા કરાવેલ ચેક વિષે કોઈ માહિતી ન મળવાના કારણે સદર ચેક પરત ફરેલ છે તે દર્શાવતો પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી.** વધુમાં ફરીયાદીએ તકરારી ચેક બાબતે ગુનાનો ઈન્કાર કરેલ તેમજ જો આરોપીએ ફરીયાદીને પૈસા ચુકવી આપ્યા હોય તે બતાવતો કોઈ આધાર પુરાવો પણ આ કામે કોર્ટના રેકર્ડ ઉપર આરોપી દ્વારા આજદિન સુધી રજુ કરવામાં આવેલ નથી. આમ ફરીયાદીને નોટીસ આપ્યા બાદ તેમજ આરોપીનું નામદાર કોર્ટમાં ફર્સ્ટ એપીરીયન્સ દરમ્યાન તથા ત્યારબાદ પણ આજદિન સુધી આરોપીએ ફરીયાદીને પૈસાની ચુકવણી કરેલ નથી તેવું જણાય આવે છે.

૧૪. ફરીયાદી તરફે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદા ઉપર આધાર રાખેલ છે તે વંચાણે લેતા નામદાર સુપ્રિમ કોર્ટે RANGAPPA v SRI MOHAN DT.07/05/2010 CRIMINAL APPEAL NO 1020-2010 **માં ઠરાવેલ છે કે,** 2 2 Because both section 138 and 139 require that the court " shall presume the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn,.......it is obligatory on the court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption has been established. it introduces an exception to general rule as to the burden or proof in criminal cases and shifts the onus on the

accused(....).such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which court may presume a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumptions of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt . the obligation on the prosecution may be discharge d with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable probability. of the non-existence of the presumed fact.

ઉપરોકત ચુકાદાને વંચાણે લેતા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કલમ–૧૩૮ તથા ૧૩૯ની ચર્ચા કરેલ છે અને ઠરાવેલ છે કે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ જયારે આરોપી દ્વારા ફરીયાદીને ચેક આપવામાં આવે અને તે ચેક બેંકમાં જમા કરાવેથી જો ચેક રીટર્ન થાય તો તે અંગેની જાણ થયેથી ફરીયાદી દ્વારા આરોપીને નોટીસ આપવાની રહે છે તે નોટીસ મળેથી જો આરોપી નોટીસનો અમલ ના કરે તો ફરીયાદી તે અંગેની ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ દાખલ કરી શકે છે અને કલમ–૧૩૯ મુજબ વિરૂધ્ધનું અનુમાન સાબિત કરવાની જવાબદારી આરોપીની રહે છે. ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા તથા જરૂર પડેથી આરોપી પોતાના પુરાવા રજુ રાખીને જો એવું પુરવાર કરે છે કે ચેકમાં દર્શાવેલ રકમ મુજબનું ફરીયાદીનું કાયદેસરનું લેણુ ન હતું અથવા ચેકમાં દર્શાવેલ રકમ મુજબની રકમ ફરીયાદી કાયદેસર મેળવવા માટે હકાકદાર નથી તે હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી ઉપર તબદીલ થાય છે. હાલના કેસમાં ફરીયાદીએ પુરાવાથી સાબિત કરેલ છે કે, આરોપીએ ફરીયાદીને આપેલ ચેક એ કાયદેસરના લેણા પેટે આપેલ તથા આરોપી તરફે ફરીયાદીની

ઉલટતપાસ કરી કે તેમના તરફે કોઈ પુરાવો રજુ કરી તેવો પુરાવો રેકર્ડ ઉપર લાવેલ નથી કે ફરીયાદી ચેક મુજબની રકમ આરોપી પાસેથી લેવા માટે હક્કદાર નથી. **આમ ફરીયાદીએ એ હકીકત પુરવાર કરેલ છે કે, આરોપી દ્વારા આપવામાં આવેલ ચેક આરોપીના ખાતામાં "ADVICED NOT RECEIVE" ના શેરા સાથે પરત ફરેલ હતો અને આરોપીની બેંક દ્વારા ફરીયાદીની બેંકમાં જમા કરાવેલ ચેક વિષે કોઈ માહિતી ન મળવાના કારણે સદર ચેક પરત ફરેલ છે તેવું અનુમાન થાય છે.** આમ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો સાબિત કરવામાં સફળ થયેલ છે.

૧૫. જયારે એક વખત આરોપીને તેની સામે કેસ ચાલે છે તેની જાણ થાય ત્યારે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન હાજર રહેવાની આરોપીની પવિત્ર ફરજ છે. તેમની સામેના પુરાવાનો ખુલાસો કરવાની આરોપીને પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં પણ આરોપી તથા તેઓના વિ.વ.શ્રી નિયમીત હાજર રહેતા ન હોય અને સમગ્ર રેકર્ડની કાર્યવાહીઓ ધ્યાને લેવામાં આવે તો તેઓને પુરતી તક આપવા છતાં વારંવાર હાજર રહેવામાં બેદરકાર રહેલ હોય અન તેઓના આવા વર્તનને કારણે પુરતી તક આપવા છતાં વારંવાર હાજર રહેવામાં બેદરકાર રહેલ હોય અને તેઓના આવા વર્તનને કારણે આરોપી કેસની કાર્યવાહીથી કોઈપણ ચેનકેન પ્રકારે છટકવા કે જાણી જોઈને લપાતા–છુપાતા ફરતા હોય કે પોતાની સામેની ફોજદારી કાર્યવાહીથી બચવા કે ઈન્સાફી કાર્યવાહીને વિલંબમાં નાખવા કે ખોરંભે ચઢાવવા સક્રિય બન્યા હોય ત્યારે તેવા સંજોગોમાં નામદાર કોર્ટ સમક્ષ ન્યાય માહે ગુહાર લગાવનાર ફરીયાદીની ન્યાયતંત્રમાં અને ન્યાયપ્રણાલીમાં રહેલ વિશ્વાસ, આસ્થા તથા શ્રદ્ધાને ટકાવી રાખવા તેમજ ગુનાનો ભોગ બનનારને ન્યાય મેળવવા માટે વલખા ન મારવા પડે તેવા શુભ આશય સાથે આરોપીની ગેરહાજરીમાં પણ કેસ ચાલી શકે તેમ છે. ઉપરાંત ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૩૫૩(૬) ની જોગવાઈ મુજબ નામદાર અદાલત આરોપીની

ગેરહાજરીમાં પણ ચુકાદો જાહેર કરી શકશે. "Be You Ever So High, But The Law Is Above You" નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮", કાયદાથી પર કોઈ નથી. પ્રત્યેક આરોપીને તેની સામેના ફોજદારી ગુનાની કાર્યવાહીમાં બચાવની તક મળવી જ જોઈએ અને નામદાર કોર્ટે પણ આરોપીને બચાવની તક આપવી જ જોઈએ, એ બાબત રક્ષાત્મક જોગવાઈ છે પરંતુ મોટાભાગના કિસ્સામાં અને ખાસ કરીને આરોપીઓ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે આ રક્ષાત્મક જોગવાઈનો એક હથિયાર તરીકે ઉપયોગ કરીને ઈન્સાફી કાર્યવાહીને વિલંબમાં નાખવા માટે નિષ્ક્રિય બનાવવા અથવા શિથિલ બનાવવા માટે તમામ પ્રકારના પ્રયત્ને આરોપીપક્ષ દ્વારા કરવામાં આવે છે. **તેમજ હાલના કેસમાં તો રેકર્ડ ધ્યાને લેતા આરોપીને પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં તેઓ વાંરવાર કોર્ટમાં હાજર રહેવામાં બેદરકાર રહેલ છે અને સદર કેસની કાર્યવાહીઓ યેનકેન પ્રકારે ગેરહાજર રહી અટકાવવાના પ્રયત્ન કરેલ છે અને તેવા સંજોગોમાં તેઓની બેદરકારનીને કારણે સદર કેસની કાર્યવાહીઓ અટકાવી શકાય નહીં અને તેવા સંજોગોમાં સમગ્ર રેકર્ડના આધારે આરોપીનું હાજર થવા અંગેનું વર્તન ધ્યાને લેતા રેગ્યુલર હાજર નથી અને આજરોજ પણ પોકાર કરાવતા તેઓ હાજર નથી. ત્યારબાદ સમયાંતરે વારંવાર પોકાર કરાવતા આરોપી કે તેઓના વિ.વ.શ્રી હાજર રહેલ નથી. આમ, તેઓ હાજર ન હોય તેઓની ગેરહાજરીમાં ઉપરોકત કરેલ ચર્ચાઓ મુજબ સદર કેસનો ચુકાદો જાહેર કરવો યોગ્ય જણાતો હોય રેકર્ડ ધ્યાને લેતા તેઓની ગેરહાજરીમાં પણ સદર કામે હુકમ જાહેર કરવામાં આવે તો કોઈ ગેરરીતતા કે અનિયમિતતા જણાઈ આવતી ન હોય તેઓની ગેરહાજરીમાં આજરોજ સદર ચુકાદો જાહેર કરવામાં આવે છે.**

જે અન્વયે નામદાર વડી અદાલતે **Sharad Jethalal Salva Vs. State of Gujarat,Criminal Misc.Application No.19862/**

**2015 ,dt. 14.11.2016,** માં ઠરાવેલ છે કે, * Para 16:"If a person accused of an offence and convicted as such avoids arrest and avoids imprisonment as sentence by the criminal court. Such an incident only makes the justice delivery system insignificant and renders justice ineffective. Legal justice requires that an offender convicted of a crime suffer the imprisonment as otherwise there would be social anarchy. People would contravence the law with impunity without any attending punishment for violating the law. The very foundations of democracy and rule of law would be shaken and that is the reason why the courts strive to treat all persons before the criminal law as equal. Whether one is rich or poor,Whether one is in powerful or powerless,the law is equally applied to all equally.

*Para 17:"Be you ever so high,but the law is above you,"is the signature theme of rule of law that loudly and silently(as well)echoes in the Indian Constitution context. The purpose of the constitution itself is to equalize the men (and women)before the law. Equal protection of laws and equality before the law does not make any distinction between the Ruler and ruled when it comes to enforcing the criminal sanctions. If a convict with money power as well as political power can avoid the punishment imposed by the highest Court of the State,the Court which imposed such punishment cannot be a mute spectator or dumb listener to be soothed by high caliber forensic oratory of the counsel at the altar of justice. The court must and ought to take a serious view of such

bizarre incidence:be it one in million. Of course, the law makers and law enforcers must willingly assist the court in angling the convict avoiding and dodging the law makers,the law enforcers and the law interpreters(Judges and Court)

૧૬. આમ, ઉપરોકત ચુકાદામાં નામદાર ગુજરાત વડી અદાલતે ઠરાવેલ છે કે, જયારે એક વખત આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ હોય ત્યારે નામદાર અદાલત સમક્ષ હાજર રહેવાની આરોપીની પવિત્ર ફરજ છે. તેમની સામેના પુરાવાનો ખુલાસો કરવાની આરોપીને પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં આરોપી હાજર રહેલ ના હોય તો તેવા સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં કેસ આગળ ચાલી શકે. ત્યારબાદ પણ નામદાર ગુજરાત વડી અદાલતે **Manoj Vasudev Sompura Vs. State of Gujarat,R/Special Criminal Application No.6721/2013 ,dt. 15.09.2023, GM R]SFNM 2024 (3) GLR 1737** માં રીપોર્ટેડ થયેલો છે તેમાં પણ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળના કેસો આરોપીની ગેરહાજરીમાં કાયદાકીય રીતે આગળ ચલાવી ચુકાદો આપવામાં આવેલ તે કાર્યરિતી યોગ્ય હોવાનું ઠરાવેલ છે અને તેવા સંજોગોમાં હાલના કિસ્સામાં પણ આરોપીની ગેરહાજરીમાં સદર કેસની કાર્યવાહીઓ આગળ ચલાવી ચુકાદો તેઓની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવે તો આરોપીના હિતને કોઈ નુકસાન જાય તેમ નથી અને ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.

૧૭. ફોજદારી કાર્યરિતી અધિનિયમમાં આરોપીની ગેરહાજરી અને ચુકાદાની જાહેરાત બાબતે કરવામાં આવેલ જોગવાઈ વંચાણે લેતાં....

Section 353, Judgement:-353(7)No judgement delivered by any criminal Court shall be deemed to be invalid by reason on only of the absence of any party or his pleader on the day or from the place notified for the delivery

there of,or of any ommission to serve,or defect in serving,on the parties or their pleaders,or any of them,the notice of such day and place.

Section 418.Execution of sentence of imprisonment:-

(1) Where the accused is sentence to imprisonment for life or to imprisonment for a term in cases other than those provided for by section 413,the court passing the sentence shall forthwith forward a warrant to the jail or other place in which he is,or to be,confined,and,unless the accused is already confined in such jail other place,shall forward him to such jail or other place,with the warrant

Provided that where the accused is sentenced to imprisonment till the rising of the Court,it shall not be necessary to prepare or forward a warrant to a jail,and the accused may be confined in such place as the court may direct.

(2) Where the accused is not present in Court when he is sentenced to such imprisonment as is mentioned in subsection(1),the court shall issue a warrant for his arrest for the purpose of forwarding him to the jail or other place in which he is to be confined;and in such case,the sentence shall commence on the date of his arrest.

૧૮. આમ, સદર કામે આરોપીની પ્લી ક્રિ.પ્રો.કો. કલમ–૨૫૧ મુજબ આંક–૧૧ થી સાદા ફોર્મમાં નોંધવામાં આવેલ છે તેમજ આ અદાલત તરફથી સદર કામના ફરીયાદીની સરતપાસની તમામ હકીકતો વિગતવાર નોંધવામાં આવેલ છે. આમ, સદર કેસની સમગ્ર ટ્રાયલ ક્રિ.પ્રો.કોડના પ્રકરણ–૨૦ મુજબ આંક–૧ અન્વયે હુકમ કરી સમન્સ ટ્રાયેબલની જોગવાઈઓ અનુસાર ચલાવવામાં આવેલ છે. જેથી, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની

જોગવાઈઓ અનુસાર આરોપીને બે વર્ષ સુધીની સજા અને ચેકની રકમની બમણી રકમ સુધીના દંડની સજા થઈ શકે છે. ઉપરાંત ચેકના રકમથી બમણી રકમના વળતરની જોગવાઈ કરવામાં આવેલ છે. ઉપરોકત ચર્ચાઓ તથા ચુકાદાઓ વંચાણે લેતા ફરીયાદી દ્વારા કાયદેસરનું લેણું હોવાનું પુરવાર થયેલ હોઈ અને તે લેણાં પેટે આરોપી દ્વારા તકરારી ચેક આપવામાં આવેલ હોઈ તેમજ સદર ચેક કાયદેસરના લેણા પેટે આપેલ ન હોવા બાબતની કોઈ રજુઆત કરવામાં કે બચાવ લેવામાં આવેલ ન હોઈ તેવા સંજોગોમાં અને આરોપી તરફે કોઈ બચાવ કરવામાં આવેલ ન હોય ત્યારે હાલના ફરીયાદીના કેસમાં કોઈ શંકા ઉપસ્થિત થતી હોય કે ઉદભવતી હોય તેવું જણાતું નથી. આમ, ફરીયાદી મજકુર કેસમાં આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ નિઃશંક પણે સાબિત કરેલ છે, જેથી મુદ્દા નં.૧નો જવાબ "હકારમા" ઠરાવવામાં આવે છે.

૧૯. સદરહું કામે આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર થયેલો છે અને તેથી આરોપીને આ ગુનામાં કેટલી સજા કરવી જોઈએ તે હકીકત નક્કી કરવાની રહે છે. સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિને કેટલી સજા કરવી જોઈએ તે સંદર્ભે નામદાર સુપ્રિમ કોર્ટ અને વિવિધ ઉચ્ચ અદાલતોના અસંખ્ય ચુકાદા ઉપલબ્ધ છે. તે તમામનો સારાંશ એવો છે કે, કરવામાં આવતી સજા અત્યંત હળવી ન હોવી જોઈએ તેમજ કરવામાં આવતી સજા અત્યંત કઠોર પણ ન હોવી જોઈએ અને તેમ છતાં ગુનાની ગંભીરતા, કેસના સંજોગો વિગેરે હકીકતો ધ્યાનેમાં લઈને યોગ્ય અને વ્યાજબી પ્રમાણમાં સજા કરવી જોઈએ. સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિ વિરૂધ્ધ જે ઈન્સાફી કાર્યવાહી ચાલે તે વ્યક્તિની અંગત બાબત છે. ઈન્સાફી કાર્યવાહીના અંતે જે પરિણામ આવે છે તે તે વ્યક્તિએ અંગત રીતે ભોગવવાની હોય છે તેમ છતાં ઈન્સાફી કાર્યવાહીના અંતે જે પરિણામ આવતું હોય છે તેની અસર સમાજમાં થતી હોય છે અને તેથી સામાન્ય રીતે આવા કિસ્સાઓમાં સમાજમાં દાખલો બેસે તેવી ઉદાહરણરૂપી સજા કરવી જોઈએ તેવું ન્યાયના હિતમાં જણાઈ આવે છે અને તેથી તે તમામ હકીકતો

ધ્યાનમાં લઈને આરોપી વિરૂધ્ધના ગુનાની ગંભીરતા ધ્યાનમાં લઈને તેમજ આ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિઓને ઉત્તેજન ન મળે તે હકીકત ધ્યાનમાં લેવી જોઈએ. આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી ચેકની રકમ મેળવેલી છે અને તે રકમ આરોપીએ ફરીયાદીને ચુકવી આપેલી નથી. આ હકીકત ધ્યાને લેતા આરોપીને તેમની સામેના ગુના સબબ યોગ્ય સજા કરી, આરોપી પાસેથી ફરીયાદીને વળતર પેટેની રકમ પણ અપાવવી જોઈએ તેવુ હું માનું છું. આ કામે આરોપીને સજા અંગે સાંભળવા બાબતે જોઈએ તો આરોપી નામદાર કોર્ટ સમક્ષ હાજર રહેતા નથી. વધુમાં સદરહું કેસ સમન્સ ટ્રાયેબલ કેસ છે અને સદરહું કેસમાં ગુનાના કામે સજાની જોગવાઈ ધ્યાને લેતા આ કામના આરોપીને સદર ગુનાના કામે સજા અંગે સાંભળવા માટે કામ મુલત્વી રાખવું ન્યાયોચિત જણાઈ આવતું નથી. આમ, સમગ્ર હકીકત ધ્યાને લેતા નામદાર સુપ્રિમ કોર્ટ તથા જુદી જુદી નામદાર હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ જુદા જુદા સિદ્ધાંતોને ધ્યાને લેતા ન્યાયના હિતમાં મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>**આખરી હુકમ**</u>

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૫(૨)ના પ્રબંધો અનુસાર આ કામના **આરોપી સુખાભાઈ શનાભાઈ ખાંટ રહે.ઈશ્વરપુરા બળીયા બાપજી મંદિર પાસે, ખેતરમાં, મુ.સરાલી, તા.કઠલાલ, જી.ખેડાનાઓને** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનામાં દોષિત ઠરાવીને ૧(એક) વર્ષની સાદી કેદની સજા તેમજ **રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)** નો દંડ ચૂકવવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી દંડ ન ભરે અથવા દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ એક માસની વધુ સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના **આરોપી સુખાભાઈ શનાભાઈ ખાંટ રહે.ઈશ્વરપુરા બળીયા બાપજી મંદિર પાસે, ખેતરમાં, મુ.સરાલી, તા.કઠલાલ, જી.ખેડાનાઓને** ક્રિ.પ્રો.કોડની કલમ-૩૫૭ અન્વયે આ કામના

ફરીયાદીને વળતર પેટે ચેકની રકમ **રૂા.૪,૮૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ એંસી હજાર પુરા)** દિન–૬૦માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને જો તે આરોપી તરફથી વળતરની રકમ ચુકવવામાં કસુર થયેથી આરોપીએ વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી આજરોજ હાજર ન હોય તેઓની સામે ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૭૦ મુજબનું તારીખ વિનાનું ફરતું ધરપકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવેલ છે. મજકુર આરોપી સામે પકડ વોરંટ બજવણી માટે કઠલાલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીનાઓને મારફત બજવણી માટે મોકલવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ સદર વોરંટની અમલવારી પુર્ણ ન થાય ત્યાં સુધી તેઓએ દર મહિનાની પહેલી તારીખે તે બજવણી કરવા અંગે લીધેલ પગલાનો સ્ટેટસ રીપોર્ટ અત્રેની કોર્ટને કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) સદર કામમાં આરોપી ઘણા લાંબા સમયથી નામદાર કોર્ટમાં હાજર રહેવામાં અનિયમિત હોય અને આજરોજ પણ હાજર ન હોય તેમજ તેઓને હાજર થવા પુરતો સમય આપેલ હોવા છતાં ચુકાદો જાહેર કરતા સુધી હાજર થયેલ ન હોય આરોપીને ફોજદારી કાર્યરિતી અધિનિયમની કલમ–૩૬૩(૧) મુજબ ચુકાદાની ખરી નકલ હવે પછી વિનામૂલ્યે અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર થાય નહીં ત્યાં સુધી પુરી પાડવી નહીં. વધુમાં જયાં સુધી આરોપી તરફે દંડની રકમ નામદાર કોર્ટમાં જમા કરાવવામાં ન આવે ત્યાં સુધી સદર ચુકાદાની ખરી નકલ આરોપીને અથવા આરોપી તરફે કોઈપણ વ્યક્તિને પુરી પાડવી નહીં.

હુકમ આજરોજ તા.૨૫મી માહે–મે, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

કઠલાલ.
તા.૨૫/૦૫/૨૦૨૬ (આદિલખાન લિયાકતખાન પઠાણ)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કઠલાલ
U.I.C.NO.GJ01684